(Posted & Published on 5th day of Each Month)

દર મહિનાની ‘૫’ તારીખે પ્રકાશિત



RNI NO. 14974/57 • R.NO.GAMC-56/2024-2026 • Valid up to 31 Dec. 2026



કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજી, વલભીપુર

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યમ્ ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્

(ગુજરાતી માસિક)

# વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન

## VALAM BRAHMAN GNATI VARTMAN (Gujarati Monthly)

શ્રી વાલમ બ્રાહ્મણ મહામંડળ, અમદાવાદ સંચાલિત જ્ઞાતિનું મુખપત્ર

અંક-૭ ✦ વર્ષ-૭૭ ✦ માસ : અષાઢ ✦ સંવત-૨૦૮૨ ✦ તા. ૦૫-૦૭-૨૦૨૬

વાર્ષિક લવાજમ રૂ. ૫૦=૦૦ ✦ છુટક નકલ રૂ. ૫=૦૦

તંત્રી : કીર્તન દીક્ષિત



આદ્યસ્થાપક સંતશ્રી પુનિત મહારાજ

## વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સમાજ, રાજકોટ દ્વારા આયોજિત સરસ્વતી સન્માન તથા વાલમ બ્રાહ્મણ મહામંડળ કારોબારીની લાક્ષણિક તસવીરો

દીપ પ્રાગટ્ય, મંચસ્થ મહાનુભાવો, પ્રમુખશ્રીનું સ્વાગત પ્રવચન અને સ્થાનિક પ્રમુખશ્રીનું અભિવાદન

મહામંડળના મંત્રીશ્રીનું સ્વાગત અને સરસ્વતી સન્માન


બહોળી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનો અને કારોબારી સભ્યશ્રીઓ



ગૌરીશંકર ભાઈલાલભાઈ વ્યાસ



શાંતાબેન ગૌરીશંકર વ્યાસ



સતિષચંદ્ર ગૌરીશંકર વ્યાસ

પુણ્ય સ્મૃતિમાં આ અંક ના પ્રાયોજક (સ્પોન્સરર) રાજેશભાઈ ગૌરીશંકર વ્યાસ



સ્વ. ચંદ્રમણીબેન રમેશચંદ્ર પંડ્યા કડાછલા (યુ.કે.) ની પુણ્ય સ્મૃતિમાં આ અંક ના પ્રાયોજક (સ્પોન્સરર) કીર્તિ રમેશચંદ્ર પંડ્યા - મીતા કીર્તિ પંડ્યા

# પ્રેમાળ માતાપિતા તથા ભાઈને વંદનીય સ્મરણાંજલિ



**ગૌરીશંકર ભાઈલાલભાઈ વ્યાસ**
(વસો)



**શાંતાબેન ગૌરીશંકર વ્યાસ**
(વસો)




**સતિષચંદ્ર ગૌરીશંકર વ્યાસ**
(વસો)

ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહીં,
અગણિત છે ઉપકાર એના એહ વિસરશો નહીં.

પ્રેરણાદાયી જીવન જીવી ગયા... જીવતાં અમને શીખવી ગયા...
સેવા-પ્રેમ-કરૂણાનો અર્થ સમજાવી ગયા, હૃદય મનમાં સત્કર્મનો ઉજાસ છોડી ગયા...
સાથ ભલે છોડ્યો તમે... અમે કદી ભુલશું નહીં... આપનો પ્રેમાળ ચહેરો... અમો વિસરશું નહીં.
કરૂણામૂર્તિ પિતા અને વાત્સલ્યમૂર્તિ માતા તથા ભાઈને અશ્રુભિની હૃદયાંજલિ અર્પણ કરીએ છીએ.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સ્વ. સતીષભાઈ જી. વ્યાસ
રાજેશભાઈ જી. વ્યાસ
મીતાબેન કે. પંડ્યા
નિસર્ગ એસ. વ્યાસ
પાર્થ એસ. વ્યાસ
અદિતી એન. આચાર્ય
પરિક્ષીત આર. વ્યાસ
હેમાંગ કે. પંડ્યા
હસીન કે. પંડ્યા



રેખાબેન એસ. વ્યાસ
સ્વ. છાયાબેન આર. વ્યાસ
કીર્તિકુમાર આર. પંડ્યા
ભૂમી એન. વ્યાસ
મૈત્રી પી. વ્યાસ
નિશાંત બી. આચાર્ય
પૂજા પી. વ્યાસ
મરીસા એચ. પંડ્યા
નિશા એચ. પંડ્યા

ચિ. દર્શ - નક્ષ - કિરા - શાન - વ્યાના - વેદા

**પ્રમુખ :-**
જયપ્રકાશ શુક્લ
મો. ૯૮૨૪૪૭૯૯૪૪
**ઉપપ્રમુખ :-**
રાજેન્દ્ર મહેતા
મો. ૮૨૩૮૦૧૧૪૭૫
**મંત્રી :-**
મનોજ જોષી
મો. ૯૮૨૫૪૪૭૭૩૩
**તંત્રી :-**
કીર્તનભાઈ દીક્ષિત
મો. ૯૬૬૨૯૫૭૦૨૭
**ખજાનચી :-**
ભરત ભટ્ટ
મો. ૯૫૧૦૮૯૩૫૮૫
**કાર્યાલય મંત્રી :-**
દીલીપ જે. મહેતા
મો. ૯૮૯૮૬૬૮૨૬૮
**સહતંત્રીઓ :-**
જયેશ મહેતા
મો. ૯૯૯૮૮૦૪૮૩૮
મિતેશ અધ્વર્યુ
મો. ૯૧૫૭૦૮૭૭૨૧
હરેન્દ્રભાઈ વી. ભટ્ટ
મો. ૯૪૨૬૪૩૬૩૪૪
ડૉ. હેમંત એસ. પંડ્યા
મો. ૯૮૭૯૨૦૮૫૧૬
સત્યેન જોશી
મો. ૯૫૮૬૫૫૯૪૭૧
**કન્વીનર મંદિર કમિટી :-**
પ્રમોદભાઈ એન. આચાર્ય
**મો. ૯૮૨૫૯૭૫૮૪૯**
**કન્વીનર છાત્રાલય કમિટીઃ-**
રાકેશભાઈ પુરોહિત
મો. ૯૪૨૬૦૪૨૧૧૦
**કન્વીનર શિક્ષણ કમિટી :-**
નિલેશભાઈ શુક્લ
મો. ૯૮૭૦૦૭૬૫૬૬
**કન્વીનર વેબસાઈટ કમિટી :-**
ચિન્મય વ્યાસ
મો. ૯૪૨૬૧૪૬૩૯૨
**કન્વીનર મિલકત કમિટી :-**
વિજય આચાર્ય
**મો. ૯૯૦૯૯૮૦૭૫૯**
**ટ્રસ્ટી મંડળ :-**
કૌશિકભાઈ અધ્વર્યુ
મો. ૯૮૭૯૫૧૯૧૬૩
યોગેશભાઈ પાઠક
મો. ૯૪૨૮૧૨૫૫૬૩
દિલીપભાઈ જોશી
મો. ૯૯૦૯૯૬૨૦૨૬
શૈલેશભાઈ વ્યાસ
મો. ૭૬૦૦૨૧૩૭૭૦
ભાર્ગવભાઈ જોશી
મો. ૯૪૨૬૩૬૭૦૧૯

## ‘વાલમ રત્ન’ - નવી કોલમ




આપણા દેશનો સર્વોચ્ચ્ એવૉર્ડ ભારતરત્ન છે. એ મુજબ આપણા વાલમ બ્રાહ્મણ સમાજનો સર્વોચ્ચ એવૉર્ડ એટલે વાલમ રત્ન. આ કોલમ વાલમ વર્તમાનમાં શરૂ કરવાનો વિચાર પ્રમુખશ્રી જયપ્રકાશ શુક્લને આવ્યો. એમણે મને ફોન કરીને ‘પરમ પૂજ્ય વાલમ ધૂરંધર’ કોલમ શરૂ કરવા સૂચન કર્યું હતું. ધર્મ ધૂરંધર અગાઉથી આવતો આદરણીય શબ્દ છે પણ ધૂરંધર મૂવી બાદ ધૂરંધર શબ્દ વધુ હિંસક જણાય છે તેથી મેં પ્રમુખશ્રીને વિનંતી કરી કે પ.પૂ.વા.ધૂ.ને બદલે ‘વાલમ રત્ન’ કોલમનું નામ વધુ યોગ્ય રહેશે. લોકશાહી શાસનમાં માનતા પ્રમુખશ્રીએ આ સૂચન સ્વીકાર્યું અને એમના જ માર્ગદર્શન હેઠળ આ કોલમ જુલાઈ ૨૦૨૬ના વાલમ વર્તમાન અંકથી શરૂ થઈ રહી છે.

વાલમ બ્રાહ્મણ જ્ઞાતિના વડીલથી માંડીને નાના બાળકને પણ પૂછવામાં આવે તો સૌ પ્રથમ વાલમ રત્ન તરીકે આદરણીય સંતશ્રી પુનિત મહારાજનું જ નામ આવે. એમાં કોઈ સંશય નથી. ત્યારબાદ શ્રી દેવશંકર ભગત (હોસ્ટેલના પ્લોટના દાતા), મહામંડળના આજીવન સેવક શ્રી જમનાશંકર મહેતા, એમ ક્રમશઃ આ કોલમના વાલમ રત્નની ઓળખ આપવામાં આવશે. આ નૂતન કોલમ જે પ્રમુખશ્રી જયપ્રકાશ શુક્લના હકારાત્મક વિચારોમાંથી જન્મી છે, તે માટે આ પ્રસ્તાવના પર્યાપ્ત છે.

**- હેમંત પંડ્યા, સહતંત્રી**

## વાલમ રત્ન - સંતશ્રી પુનિત મહારાજ



તા. ૧૯ મે, ૧૯૦૮ (વિક્રમ સંવત ૧૯૬૪ વૈશાખ વદ બીજ)ના રોજ જૂનાગઢ ખાતે જન્મ લેનાર બાલકૃષ્ણના માતાનું નામ લલિતાદેવી અને પિતાનું નામ ભાઈશંકર. જીવનમાં સતત સંઘર્ષ છતાં શ્રી રામ નામના સહારે વીસમી સદીના મહાન સંત અને ભજનીક તરીકે ખ્યાતિપ્રાપ્ત સંત શ્રી પુનિત મહારાજએ આપણ સૌના પ્રથમ વાલમ રત્ન છે. કામ કોઈપણ નાનું નથી એ મુજબ પટાવાળા, ટપાલી, અમદાવાદ રેલવે સ્ટેશન પર કુલી, ક્લાર્ક, શિક્ષક અને ન્યુઝ પેપરના એડીટર તરીકે સેવા આપનાર ‘જન કલ્યાણ’ દ્વારા સમાજમાં સંસ્કારનું સિંચન કરનાર, ડાકોરના ઠાકોર રણછોડરાયની ભક્તિમાં લીન લઈ ત્રીજા સ્ટેજના ટીબી રોગને હરાવનાર મહાન સંતશ્રી પુનિત મહારાજ વાલમ બ્રાહ્મણ હોવાનું ગૌરવ આપણ સૌને છે.

મા-બાપને ભૂલશો નહીં, જામ્યો જામ્યો ભક્તિનો રંગ, હારે વાલા અરજી અમારી સુણો શ્રીનાથજી, સમય મારો સાધજે વાલા, જય કાના કાળા ની આરતી વગેરે ભક્તિ સાહિત્યના સર્જન પુનિત મહારાજનો આશ્રમ મણીનગર, અમદાવાદ, મોટી કોરલ ખાતે પણ તેમનો આશ્રમ છે.

વલ્લભીપુર ખાતે વાલમ બ્રાહ્મણ સમાજના કુળદેવી વાઘેશ્વરી મંદિરની સ્થાપના કરનાર પુનિત મહારાજે ૨૭, જુલાઈ ૧૯૬૨ને, શુક્રવારે આ વિશ્વમાંથી વિદાય લીધી હતી. **પૂજ્ય સંતશ્રી પુનિત મહારાજને ૬૪મી પુણ્યતિથિ એ સમગ્ર વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ પરિવારના કોટિ કોટિ વંદન.**

ટાઈપ સેટિંગ : દિનેશ દરજી (મો. ૯૮૨૫૩૦૪૬૭૫), ઈ-મેઈલ : darjidinesh4675@gmail.com

# તા. ૧૪-૦૬-૨૦૨૬ના રોજ રાજકોટ મુકામે મળેલ કારોબારી મીટીંગનો અહેવાલ

શ્રી રાજકોટ વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સમાજના આમંત્રણ અન્વયે મહામંડળની કારોબારીની મીટીંગ તા.૧૪-૦૬-૨૦૨૬ના રોજ માતુશ્રી મુક્તાબેન વામનભાઈ વ્યાસ કોમ્યુનીટી હોલ, રાજકોટ ખાતે બપોરે ૨.૦૦ વાગે મળેલ. મહામંડળના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, તંત્રી અને કાર્યાલય મંત્રી તેમજ મીટીંગના યજમાન સ્થાનિક મંડળના પ્રમુખ શ્રી નયનભાઈ પાણેરી, શ્રી અશોકભાઈ પાણેરી અને ડૉ. દક્ષેશ પંડ્યાને મંચ પર વિશેષ સ્થાન આપવામાં આવેલ છે. મંત્રીશ્રી મનોજ જોષીએ મીટીંગનું સંચાલન અસરકારક રીતે નિભાવ્યું હતું. તંત્રીશ્રી કીર્તિન દીક્ષિતની ભાવવાહી પ્રાર્થનાથી મીટીંગનો પ્રારંભ થયેલ. ત્યારબાદ એજન્ડા પરના કામો હાથ પર લેવામાં આવેલ. પ્રમુખ શ્રી જયપ્રકાશ શુક્લએ સૌને આવકારતાં જણાવેલ કે મહામંડળની આ ટીમ શિસ્તબદ્ધ અને સક્રિય છે. દરેકને મહામંડળ માટે કંઈક કરવાની વૃત્તિ દેખાય છે. તેમણે દરેક સભ્યોને સમયદાન આપવા વિશેષ વિનંતી કરી હતી. હાલમાં ૭૦માંથી ૨૦-૨૫ કારોબારી સભ્યો જ કામગીરીમાં સક્રિય છે. તેમણે આહ્વાન કરતાં જણાવ્યું કે આપણે એ સ્થિતિનું નિર્માણ કરવું છે કે સીત્તેરે સીત્તેર સભ્યો કામગીરીમાં સક્રિય હોય, કારોબારી સભ્યોને પ્રોત્સાહન આપવા માટે Award & Recognizationનો વિચાર પ્રમુખશ્રીએ રજૂ કર્યો. જેનું અમલીકરણ વહેલીતકે કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી મંદિર કમીટીના કન્વીનર શ્રી પ્રમોદભાઈ આચાર્યે કુળદેવીશ્રી વાઘેશ્વરી માતાજીના પાટોત્સવ હવન અને અન્નકૂટમાં દરેક વિભાગમાંથી ઓછામાં ઓછી એક બસ આવે તેવું આયોજન કરવા જણાવ્યું. છાત્રાલય કમીટીના કન્વીનર શ્રી રાકેશ પુરોહિતે આગામી શૈક્ષણિક વર્ષ જૂન ૨૦૨૭થી છાત્રાલય શરૂ થાય એ રીતે બાંધકામ પૂર્ણ કરવાની, પ્રતિબદ્ધતા દોહરાવી. શ્રી ભદ્રેશ પુરોહિતે કામગીરી ઝડપી બનાવવા જણાવ્યું. જેથી સમયસર બાંધકામ પૂર્ણ થઈ શકે. વાલમ વર્તમાનના તંત્રી શ્રી કીર્તિન દીક્ષિતે સભ્યોને વિનંતી કરી કે વાલમ વર્તમાનના નિયમોને સુસંગત સમાચારો દરેક સભ્યો મોકલે જે થકી ભેટની આવકમાં પણ વધારો થશે. ૨૬ હોદ્દેદારો વર્ષે એક એક સ્પોન્સરશીપ લાવી આપે અને બાકીના કારોબારી સભ્યો સમાચાર, શ્રદ્ધાંજલિ અને પટ્ટી જાહેરાત પેટે વાર્ષિક રૂ. ૩૦૦૦/- લાવી આપે એવી વિનંતી કરી. જેને સભ્યોએ વધાવી લીધી. નિરાધાર સ્ત્રી સહાય માટે ખરેખર જરૂરિયાતમંદ બહેનોના ફોર્મ રહી ન જાય તે જોવાની આપણી સૌની ફરજ છે. મંત્રીશ્રીએ આ માટે સભ્યોને ફોર્મ ભરી તેમને સમાચાર પહોંચાડવા વિનંતી કરી હતી. શિક્ષણ કમીટીના કન્વીનર શ્રી નીલેશ શુક્લએ જણાવ્યું કે કોઈ વિદ્યાર્થી ઈનામ કે વાલમ વર્તમાનમાં તેના ફોટાથી વંચિત ન રહે તેની જવાબદારી આપણા સૌની છે. વિદ્યાર્થીઓની વિગત સમયસર મળે તે માટે સભ્યોને વિનંતી કરી હતી. કાર્યાલય મંત્રી શ્રી દિલીપભાઈ મહેતાએ કાર્યાલય સોમ, બુધ અને શુક્રવાર સાંજે ૪ થી ૬ ખુલ્લું હોય છે, તેમ જણાવતાં કામગીરી માટે ઓફિસની મુલાકાત લેવા વિનંતી કરી. મિલક્ત કમીટીના કન્વીનર શ્રી વિજય આચાર્યએ પાટોત્સવ હવન પહેલાં મંદિર પરિસરના નવા વૉશરૂમ બનાવવાની કાર્યવાહીની માહિતી આપી. મીટીંગના સમાપનમાં તંત્રીશ્રી કીર્તન દીક્ષિતે રાજકોટના નવા હૉલમાં પ્રથમ કાર્યક્રમમાં સાથે રહેવાની ખુશી વ્યક્ત કરતાં સ્થાનિક હોદ્દેદારોમાં શ્રી નયનભાઈ પાણેરી, અશોકભાઈ પાણેરી, દક્ષેશભાઈ પંડ્યા, ચેતનાબેન પાણેરી તથા સર્વે કાર્યકરો અને મહિલા મંડળની બહેનોનો કારોબારીની મીટીંગ સફળ બનાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

## રાજકોટ મુકામે મળેલ તા. ૧૪-૬-૨૦૨૬ ની કારોબારીમાં સર્વાનુમતે મંજુર થયેલ ઠરાવો

ઠરાવ - ૧ : છેલ્લી કારોબારી પછી આજ પર્યંત દિવંગત થયેલ સર્વે જ્ઞાતિજનોને એક મિનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવે છે.

ઠરાવ - ૨ : તા. ૮-૩-૨૦૨૬ ની કરમસદ મુકામે મળેલ કારોબારીની મીનીટ્સ મંજુર કરવામાં આવે છે.

ઠરાવ - ૩ ચાર જથ્થા વિભાગની ખાલી પડેલ પાંચ જગ્યાઓ માટે તે વિભાગના કારોબારી સભ્યોવતી શ્રી રાજેન્દ્ર મહેતાએ નીચેના નામ સૂચવેલ.

૧. રાજેશ કુલિનચંદ્ર જોષી ૨. ભરત નરહરીપ્રસાદ વ્યાસ ૩. જાગૃતિ વિજયકુમાર મહેતા
૪. સુધીર ઈશ્વરભાઈ વ્યાસ ૫. ચંદ્રકાન્ત ભાઈશંકર મહેતા

ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્ર મહેતાએ ચાર જથ્થાના સભ્યો વતી ચંદ્રકાન્ત મહેતા ગેરશિસ્ત નહીં આચરે તેવી બાંહેધરી આપેલ છે. ઉપરના પાંચેય સભ્યોની કારોબારીમાં નિમણૂંક કરવામાં આવે છે.

ઠરાવ - ૪ : છાત્રાલય નવીનીકરણ (પુનરોધ્ધાર) વહેલી તકે શરૂ થાય અને જૂન ૨૦૨૭ ના સત્રથી છાત્રાલયમાં વિદ્યાર્થીઓ રહેતા થાય એવી સભ્યોની લાગણી મુજબ કામગીરી કરવાનું નક્કી કરવામાં આવે છે.

ઠરાવ - ૫ : નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે નીચે મુજબનું અંદાજપત્ર (બજેટ) મંજુર કરવામાં આવે છે.

**અંદાજ પત્ર (બજેટ) ૨૦૨૬-૨૭**

| આવક | | જાવક | |
|---|---|---|---|
| ૪,૧૫,૦૦૦ | શ્રી વાઘેશ્વરી માતાજી મંદિર | ૬,૧૫,૦૦૦ | શ્રી વાઘેશ્વરી માતાજી મંદિર |
| ૩,૦૦,૦૦૦ | વાલમ વર્તમાન | ૩,૫૦,૦૦૦ | વાલમ વર્તમાન |
| ૫,૨૦,૦૦૦ | વ્યાજ આવક, એફ.ડી. સેવિંગ્સ | ૧,૦૦,૦૦૦ | પ્રાર્થના ઓફિસ ખર્ચ |
| ૩૦,૦૦૦ | અન્ય ડોનેશન, પરચૂરણ આવક | ૫૦,૦૦૦ | શૈક્ષણિક ઈનામ, શિષ્યવૃત્તિ |
| ૧૫,૦૦૦ | ઉપજ કરતાં ખર્ચનો વધારો | ૧,૦૦,૦૦૦ | નિરાધાર સ્ત્રી સહાય |
| | | ૬૫,૦૦૦ | વહીવટી ખર્ચ |
| **૧૨,૮૦,૦૦૦** | **કુલ** | **૧૨,૮૦,૦૦૦** | **કુલ** |

ઠરાવ - ૬ : વાલમ વર્તમાનના ખર્ચને પહોંચી વળવા આજીવન સભ્યપદ, સ્પોન્સરશીપ, શ્રધ્ધાંજલિ, મેટર છપામણી, પટ્ટી જાહેરાત પેટે દરેક હોદ્દેદાર ઓછામાં ઓછા વાર્ષિક રૂ. ૫,૦૦૦ અને કારોબારી સભ્ય રૂ. ૩,૦૦૦ સ્વેચ્છાએ વાલમ વર્તમાન સહાય પેટે લાવી આપે એમ વિનંતી કરવામાં આવે છે.

ઠરાવ - ૭ : વેબસાઈટમાં વધુ ને વધુ જ્ઞાતિજનો ના રજીસ્ટ્રેશન માટે જરૂરી કાર્યવાહી કરવા વેબસાઈટ સબકમીટીના સભ્યોને ત્વરિત ગોઠવણ કરે એમ સૂચવવામાં આવે છે. તદુપરાંત બધા જ વિભાગીય મંડળો વેબસાઇટનો QR code તેમના કાર્યક્રમો તેમજ સ્થાનિક વોટ્સએપ ગ્રૂપમાં મૂકે તેવી વિનંતી કરવામાં આવે છે.

ઠરાવ - ૮ : નિરાધાર સ્ત્રી સહાય માટે રૂા. ૧,૦૦,૦૦૦ નું બજેટ મંજૂર કરવામાં આવે છે.

ઠરાવ - ૯ : દર વર્ષે તેજસ્વી વિદ્યાર્થીઓ ને અપાતા ઈનામો, શિષ્યવૃત્તિ અને કેળવણી ટ્રસ્ટો, શૈક્ષણિક ટ્રસ્ટો માટે રૂા. ૫૦,૦૦૦ નું શૈક્ષણિક બજેટ મંજુર કરવામાં આવે છે.

ઠરાવ - ૧૦: વલ્લભીપુર મંદિર પરિસરમાં આગામી પાટોત્સવ હવન પહેલાં નવા વોશરૂમનું કન્સ્ટ્રકશન કરવાનું નક્કી કરવામાં આવે છે.

ઠરાવ - ૧૧: વલ્લભીપુર મંદિર હોલમાં ફોટા દીઠ રૂા. ૫,૦૦૦ ની રકમ અન્ય ફંડમાં લીધેલ છે તેને કુળદેવી ફંડમાં ટ્રાન્સફર કરવાનું ઠરાવવામાં આવે છે.


ઠરાવ - ૧૨: ચરોતર ગ્રામીણ સહકારી મંડળી અને ચરોતર વિદ્યાર્થી સહાયક મંડળી ના શેરોની રકમ રૂ. ૪૨૫ write off કરવાનું ઠરાવવામાં આવે છે. આ બંને મંડળીઓ હાલમાં કાર્યરત નથી.

ઠરાવ - ૧૩: તિથિદાન એ વર્ષો પહેલા બનાવેલ સ્કીમ છે, જે તિથિદાન ટ્રસ્ટ છે અને તે માટે આવેલ રકમનું વ્યાજ જ ફક્ત કુળદેવીની સેવા/પૂજામાં વાપરવાનું હોઈ, વર્ષ દરમિયાન તિથિદાન અંતર્ગત થતી આવક ને કોપર્સ ફંડ ગણી તિથિદાન ટ્રસ્ટ હેઠળ જમા કરવાની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

ઠરાવ - ૧૪: આજની કારોબારી માટે આમંત્રણ પાઠવી મીટીંગ ની સુચારુ વ્યવસ્થા તથા સ્વાદિષ્ટ ભોજન બદલ મહામંડળ, રાજકોટ વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સમાજના પ્રમુખ શ્રી નયનભાઈ પાણેરી, હોદ્દેદારો, કાર્યકરો તેમજ રાજકોટ વા.બ્રા. મહિલા મંડળના સર્વે કાર્યકરો પ્રત્યે અભિનંદન સહ આભારની લાગણી વ્યક્ત કરે છે.

તા. ૧૪.૬.૨૦૨૬ મનોજ જે. જોષી
રાજકોટ મંત્રી

## આદરણીય ડૉ. હેમંત પંડ્યા દ્વારા રચિત ''પેઈન્ટિંગસ્ ઑફ હનુમાન ચાલિસા'' પુસ્તકની એક જ માસની અંદર બે આવૃત્તિનું ભવ્યાતિભવ્ય વિમોચન આ. ડૉ. હેમંતભાઈ પંડ્યા (વા.વ., સહતંત્રી)



સદર પુસ્તકની પ્રથમ આવૃત્તિનું વિમોચન, એ.એમ.એ., વસ્ત્રાપુર ખાતે આ. ડૉ. કૌશિકભાઈ મહેતા તથા શાસ્ત્રીશ્રી રાજેન્દ્રપ્રસાદજી તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં તા. ૧૬-૦૫-૨૦૨૬ના રોજ શનિજયંતિ નિમિત્તે કરવામાં આવ્યું. ગુજરાત રાજ્યના નિવૃત્ત પ્રાથમિક શિક્ષણ નિયામક એમ. આઈ. જોષીસાહેબ, અમદાવાદ શહેર શાળા સંચાલક મંડળના મહામંત્રી શ્રી અલ્કેશભાઈ પટેલ, કોઠીયા હોસ્પિટલના ડૉ. હરેશ પટેલ અને ખોડિયાર મંદિર નિકોલના પ્રમુખ વિનોદભાઈ દ્વારા દ્વિતિય આવૃત્તિનું અનાવરણ તા. ૧-૬-૨૦૨૬ના રોજ કરવામાં આવ્યું. વા.વ.ના સહતંત્રી શ્રી હેમંત પંડ્યાને મહામંડળ અભિનંદન સહ શુભેચ્છા પાઠવે છે.

## અભિનંદન




ગુજરાત રાજ્ય ફૂટબોલ એસોસિએશને અંડર-17 મેચમાં નરોડા રહેતાં શાસ્ત્રી શ્રી તેજશભાઈ ભાનુશંકર મહેતા નાં પુત્ર **તિર્થ મહેતા**એ તેમાં ભાગ લઈ, મેચ જીતીને ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. તિર્થ મહેતાને અભિનંદન સાથે શુભેચ્છા.

## અભિનંદન



રાંદલ માતાજી વ્યાસ પરિવાર, મૂળ રાજકોટ (સોરઠ) હાલ અમદાવાદ સ્થિત સ્વ. ડાહ્યાલાલ મૂળશંકર વ્યાસ તથા સ્વ. જ્યોતિબેન ડાહ્યાલાલ વ્યાસ ના સુપુત્ર સ્વ. મિહીર તથા પૂર્વી મિહીર વ્યાસ ની સુપુત્રી **ચિ. ધારા** મિહીર વ્યાસ એ હાલમાં લેવાયેલ ધોરણ ૧૨ કોમર્સ ફેકલ્ટીમાં ઓવર ઓલ ૯૭.૬૫ પરસેન્ટાઈલ મેળવી સ્વ. ડાહ્યાલાલ વ્યાસ પરિવાર અને જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. ચિ. ધારા જીવનમાં ખૂબ જ આગળ વધે સફળતાના શિખર સર કરી પોતાની કારકિર્દીનું શ્રેષ્ઠ લક્ષ પ્રાપ્ત કરે એ જ શુભેચ્છા સહ અભિનંદન.

## અભિનંદન



ઉપાધ્યાય પરિવાર (ચરોતર)ના મૂળ દેવા, નડિયાદ હાલ રાજકોટ સ્થિત શ્રી કનુભાઈ ભાનુપ્રસાદ ઉપાધ્યાયના સુપુત્ર ચિ. આશિષભાઈ અને તન્વીબેનની સુપુત્રી **ચિ. દિશા**એ હાલમાં લેવાયેલ ધોરણ ૧૨ની સાયન્સ ફેકલ્ટીમાં ISC BOARD (St. Paul School Rajkot) માં ઓવર ઓલ ૮૫% મેળવી પરિવાર અને જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. ચિ. દિશા જીવનમાં ખૂબ જ પ્રગતિ કરી સફળતાના શિખર સર કરે એ જ અભ્યર્થના સહ અભિનંદન

## અંકલેશ્વરની યુવતી એક્સીલન્સ ઍવૉર્ડથી સન્માનિત થઈ




અંકલેશ્વરમાં રહેતી **ઝીલ સંજય ભટ્ટ** હાલ કૅનેડામાં નવોસ્કોશીયા સ્ટેટમાં કેપ બ્રેટોન યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે. તાજેતરમાં લેવામાં આવેલ ડિપ્લોમા ઈન ઓક્યુપેશનલ હેલ્થ એન્ડ સેફટીના પ્રોગ્રામમાં સૌથી વધારે એવરેજ સ્કોર મેળવી ગ્રેજ્યુએટ થયેલ છે. તેની આ સિદ્ધિ બદલ તેને યુનિવર્સિટી તરફથી સીબીયુ ઍવૉર્ડ ઑફ એક્સીલન્સથી નવાજવામાં આવેલ છે.

## શ્રી રાંદલ માતાજીનો હવન



જય માતાજી, તા:૧/૫/૨૬ ના રોજ વલ્લભીપુર મુકામે **આચાર્ય તથા અધ્વર્યુ પરીવાર**ના કુળદેવી શ્રી રાંદલ માતાજીના સાનિધ્ય માં હવન કર્યો તેમા હાજર રહેલ પરીવારે દર્શન નો લાભ લયી માના આશીર્વાદ મેળવ્યા અને માં રાંદલ સૌ પરીવાર ઉપર કૃપાદષ્ટિ રાખે તેવી પ્રાર્થના કરી.

- કૌશિકભાઈ આચાર્ય.

## પ્રથમ માનવસેવા, પછી જ પ્રભુસેવા



અધિક માસનું શાસ્ત્રોમાં વિશેષ ધાર્મિક મહત્ત્વ છે. આ પવિત્ર માસમાં શ્રદ્ધાળુઓ દેવદર્શન, ધાર્મિક યાત્રાઓ તથા યથાશક્તિ દાન-દક્ષિણા કરીને પોતાના મનોરથ પૂર્ણ કર્યાનો સંતોષ અનુભવે છે. 'પ્રથમ માનવસેવા, પછી જ પ્રભુસેવા' ના જીવન મંત્રમાં દૃઢ શ્રદ્ધા ધરાવતા મહામંડળ ના કાર્યશીલ મંત્રી **શ્રી મનોજભાઈ જોશી**એ અધિક માસ નિમિત્તે સેવા વસ્તીમાં જરૂરિયાતમંદો ને ભરપેટ ભોજન અને નવાં વસ્ત્રોનું વિતરણ કરીને સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવી, સમાજમાં 'માનવ સેવાભાવ' નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.


શ્રી પ્રકાશભાઈ બી. વ્યાસ અને શ્રી ચિરંજીતભાઈ વ્યાસ અને પરિવારના જયશ્રી સાંઈરામ



SAI FINANCIAL SERVICES
SHREE SAIRAM CONSULTANCY PVT. LTD.
SHREE SAIRAM INVESTMART PVT. LTD.
401, 404, 405, Sur Sarthi Complex, Nr. Ambawadi Circle, Ahmedabad-380006.
Phone : (O) 079-40025207 (M) 98250 24877



NVRM
SYNERGY
We Make Things Possible

મહેન્દ્રભાઈ પટેલ (M) 9428602603 / 9376138611
ન્યુ સાવલીયા ડેકોરેટર્સ એન્ડ હાયરર્સ
મધુલતા સાંસ્કૃતિક હોલ, વાસણાના ડેકોરેશન કોન્ટ્રાક્ટર
શુભ પ્રસંગે રસોઈના વાસણ, ટેબલ, ખુરશી, મંડપ તથા ગાદી ભાડે આપનાર
૩, વિજયંત શોપ્સ એપાર્ટમેન્ટ, ઈડન ગાર્ડન સામે, બંસીધર સોસાયટીની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.

## પુસ્તક વિમોચન



વાલમ બ્રાહ્મણ મહામંડળ ના પૂર્વ પ્રમુખ જ્ઞાતિ સેવક **સ્વ.પૂ.જમનાશંકર ધનેશ્વરભાઈ મહેતાના સુપુત્ર વિધ્યાવાચસ્પતિ ડૉ.કૌશિકભાઈ મહેતા ના પુસ્તક "જીવ બને શિવ, નર એજ નારાયણ"** નું વિમોચન જગન્નાથ ભગવાન ની પાવન નિશ્રામાં જગદીશ પિઠાધીશ્વર જગદગુરુ ૧૦૦૮ મહામંડલેશ્વર દિલીપદેવાચાર્યજી મહારાજશ્રી, મોહનદાસજી મહારાજ,ગૌ ભક્ત ચૈતન્ય શંભુમહારાજ, વિશ્વ હિન્દુ પરિષદના આગેવાનો સર્વ શ્રી દિલીપભાઈ ત્રિવેદી,શ્રી અશોકભાઈ રાવલ,ડૉ હિતેષભાઈ રામાનુજ જગન્નાથજી મંદિર ના ટ્રસ્ટી બ્રહ્મર્ષિ શ્રી મહેન્દ્રભાઈ ઝા તથા રાજકીય આગેવાન સર્વ શ્રી સુરેન્દ્રભાઈ પટેલ,ધારાસભ્ય શ્રી અમિતભાઈ પી શાહ તેમજ શ્રી કૌશિકભાઈ ના સહધર્મચારિણી અ.સૌ ગીતાબેન મહેતા વગેરે ની ઉપસ્થિતિમાં તા.૨૧/૦૬/૨૬ ના રોજ કરવામાં આવ્યું.મહામંડળ ના પદાધિકારીઓ સહિત બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો તથા પરિવારજનો ઉપસ્થિત રહ્યા.પ્રખર વક્તાઓ ના ભાવસભર વક્તવ્ય સાથે રથયાત્રા પૂર્વે જગન્નાથ ભગવાન ના દર્શન તથા પ્રસાદ નો સર્વે લાભ પામ્યા. આ પ્રસંગે શ્રી કૌશિકભાઈ મહેતાને મહામંડળ અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવે છે.

## શ્રી હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'ના ૨૮મા (હાસ્યલેખોના ૧૨મા) પુસ્તકનું વિમોચન




તા. ૨૧-૦૬-૨૦૨૬, રવિવારે સવારે ૧૦ કલાકે અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન ખાતે એચ.ટી.પારેખ હૉલમાં આર.આર.શેઠ એન્ડ કંપની આયોજિત **શ્રી હર્ષદ પંડ્યા** 'શબ્દપ્રીત'ના ૨૮મા (હાસ્યલેખોના ૧૨મા) પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અધ્યક્ષ સ્થાને ભારત સરકારના સોલિસિટિર જનરલ શ્રી તુષાર મહેતા અને અતિથિવિષેષ તરીકે સુપ્રસિદ્ધ હાસ્યકલાકર પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ તેમજ ગુજરાતના સમર્થ હાસ્યલેખ શ્રી અશોક દવે પધાર્યા હતા. શ્રી હર્ષદ પંડ્યા મહામંડળના પૂર્વપ્રમુખ ગૌરીશંકર પંડ્યા(પરઢોલ)ના સુપુત્ર છે. મહામંડળ તેમને અભિનંદન સહ શુભેચ્છા પાઠવે છે.




**મહામંડળ કાર્યાલયે આવેલ ભેટની યાદી**

૧૦૧/- નિલેષ મધુસૂદન ઉપાધ્યાય, કુળદેવી ફંડમાં, ૧૮૨૬૦

૨૧૦૦/- મધુસૂદન પંડ્યા, છાત્રાલય ફંડ, ૧૮૨૬૧

૧૦૦૦/- મનોજભાઈ જોષી, કલર પટ્ટી, કલરપેજના પ્રાયોજક, ૧૮૨૬૨

૫૦૧/- આશિષભાઈ કનુભાઈ ઉપાધ્યાય, વા.વ.સ., ચિ. દિશા, ધો. ૧૨માં સાયન્સ ફેકલ્ટીમાં ૮૫% મેળવવા બાબત, ૧૮૨૬૩

૫૦૧/- પૂર્વીબેન મિહીરભાઈ વ્યાસ, વા.વ.સ., ચિ. ધારા ધો. ૧૨ કોમર્સમાં ૯૭.૬૫, પર્સન્ટાઈલ આવવા બાબત, ૧૮૨૬૪

૩૦૦૦/- રાજેષભાઈ કૃષ્ણકાંત ભટ્ટ, વા.વ.માં પટ્ટી જાહેરાત, જુલાઈ ૨૬ થી જૂન ૨૭ સુધી, ૧૮૨૬૫

૧૧૦૦/- સ્વ. પરમાનંદભાઈ એ. આચાર્ય તરફથી તેમની દોહિત્રી ચિ. જાન્હવીને ત્યાં જોડીયાં બાબો-બેબીના જન્મ નિમિત્તે કુળદેવીમાં ભેટ, હ. નરેન્દ્રભાઈ આચાર્ય, ૧૮૨૬૬

**વાઘેશ્વરી માતાજીના મંદિર, વલ્લભીપુર ખાતે આવેલ ભેટ તથા વસ્તુની યાદી**

૫૦૦/- ધર્મેશભાઇ મહેતા (કુળદેવી ભેટ), પ.નં. ૫૦૬૯

૨૦૦/- રાજેન્દ્રભાઇ એમ. મહેતા (કુળદેવી ભેટ), પ.નં. ૫૦૭૦

૨૫૦/- ધાત્રી નિશાંત ભટ્ટ (કુળદેવી ભેટ)પા.નં. ૫૦૭૧

નોંધઃ ૫.નં ૫૦૭૨ અને ૫૦૭૩ કેન્સલ થયેલ છે.

૧૦૦/- નિલેશભાઇ આર. આચાર્ય (કુળદેવી ભેટ), પા.નં. ૫૦૭૪

૧૦૦૦/- સ્વ. મનિષાબેન નૈનેષકુમાર જોષી, તિથિદાન, પા.નં. ૫૦૭૫

તિથિ:- પોષ વદ- અમાસ

૧૦૦૦/- સ્વ. નૈનેષકુમાર રજનીકાંત જોષી, તિથિદાન — ૫.નં ૫૦૭૬

તિથિ:- જેઠ સુદ- ત્રીજ

૧૦૦૦/- સ્વ. મંજુલાબેન રજનીકાંત જોષી, તિથિદાન, પા.નં. ૫૦૭૭

તિથિ:- અધિક શ્રાવણ સુદ- ૧૩ (તેરસ)

૧૦૦૦/- સ્વ. રાજેન્દ્રકુમાર કે. દવે, પા.નં. ૫૦૭૮

તિથિ:- કારતક સુદ- ૭ (સાતમ)

૧૦૦૦/- સ્વ. કમળાબેન કાંતિલાલ ઉપાધ્યાય, તિથિદાન, પા.નં. ૫૦૭૯

તિથિ:- વૈશાખ વદ- ૧૧ (અગિયારસ)

૧૦૦૦/- ધ્રુવિલ સંદિપકુમાર જોષી તિથિદાન, પા.નં. ૫૦૮૦

**તિથિ જન્મતારીખઃ- ૧૯/૧૦/૨૦૦૪**

૨૧૩૦/- અંબુજા સિમેન્ટ મીટીંગ, અન્ય આવક, પા.નં. ૫૦૮૧

૨૨૧૦/- ખેડુત કૃષિ મેળો મીટીંગ, અન્ય આવક, પા.નં. ૫૦૮૨

૧૦,૦૦૧/- નિધિ બ્રિજેશ બાલકૃષ્ણભાઇ જોષી કુળદેવી ભેટ, પા.નં. ૫૦૮૩

**- : વસ્તુ ભેટ :-**

૧) ચાંદીના ચરણ નાના કિંમત અંદાજીત રૂ. ૨૧૦૦ દાતાઃ પંકજભાઇ પી. પાઠક (જામનગર), પા.નં. ૦૨૧

૨) સાડી-૧ દાતાઃ સતિષભાઇ વ્યાસ (વસો) પા.નં. ૦૨૨

## વલ્લભ વિદ્યાનગર છાત્રાલય નવનિર્માણ માટે આવેલ દાન



### છાત્રાલય પુનઃનિર્માણ અંતર્ગત પ્રાપ્ત થયેલ અનુદાન

(૧) ૫૧,૦૦,૦૦૦/- એક પુનિત પ્રેમી સદ્‌ગૃહસ્થ, ૧૮૧૫૧, ૧૮૧૯૪
(૨) ૧૫,૦૦,૦૦૦/- શ્રી હરિષભાઈ સૂર્યકાંત ભટ્ટ (અનુદાન જાહેર કરેલ છે.)
(૩) ૧,૦૦,૦૦૦/- નીતિનભાઈ ઈશ્વરભાઈ પટેલ, યુ.એસ.એ. હ. મનોજ જોષી, ગાંધીનગર, ૧૮૧૨૩
(૪) ૫૧,૦૦૦/- કાર્તિકભાઈ રમેશભાઈ વ્યાસ, નાગપુર, ૧૮૧૩૫
(૫) ૫૧,૦૦૦/- જીતેન્દ્રભાઈ નાગરદાસ પંડ્યા, ગોંડલ સ્ટેટના પી.એ. (અનુદાન જાહેર કરેલ છે.)



૧૦૦૦/- મહાલક્ષ્મી ભજન મંડળ હસ્તે નીતાબેન લગોવાલા,૧૮૧૯૭
૫૦૦/- વ્રજમંડળ પરિવાર હસ્તે ભજનિક, શ્રી રમીલાબેન પંડ્યા, મણિનગર, ૧૮૧૯૮
૧૧૦૦/- નિસર્ગ રોહિતકુમાર આચાર્ય, ૧૮૧૯૯
૨૦૦૦/- મણિનગર વિસ્તાર ધ્વજાજી પૂજન ભેટ, ૧૮૨૦૦
૫૫૦/- મણિનગર વિસ્તાર ધ્વજાજી પૂજન ભેટ, ૧૮૨૦૧
૪૪૦૦/- મહાલક્ષ્મી ભજન મંડળ ધ્વજાજી પૂજન, ૧૮૨૦૨
૧૦,૦૦૦/- નિત્યમ નયનભાઈ દીક્ષિત,સ્વ.મનહરલાલ રવિશંકર દીક્ષિત તથા સ્વ. હર્ષુતાબેન ના સ્મરણાર્થે,૧૮૨૦૩
૫૦૦૦/- સ્વ.સનતભાઈ નટવરલાલ (ઘનશ્યામભાઈ) અધ્વર્યુના સ્મર્ણાથે. હસ્તે. મલય અધ્વર્યુ- પુના, ૧૮૨૦૪
૧૧૦૦/- સંજયભાઈ રમણીકલાલ જોષી, જોરાવરનગર, ૧૮૨૦૫
૫૦૦૦/- ગુણવંતભાઈ પુરુષોત્તમદાસ જોશી, જોરાવરનગર, ૧૮૨૦૬
૨૫૦૦/- સુરેશભાઈ હિંમતલાલ પુરોહિત, સુરેન્દ્રનગર, ૧૮૨૦૭
૬૦૦૦/- જસવંતરાય એન ગદાણી, કે.સી.આઈ બેરીંગ પરિવાર સુરેન્દ્રનગર, ૧૮૨૦૮
૫૦૦૦/- ઉષાબેન જે ગદાણી,કે.સી.આઈ બેરીંગ પરિવાર સુરેન્દ્રનગર, ૧૮૨૦૯
૫૦૦/- ધર્મેન્દ્ર ગુણવંતલાલ જોશી, જોરાવરનગર, ૧૮૨૧૦
૧૫૦૦/- અપૂર્વ ઘનશ્યામભાઈ પંડ્યા,ગોંડલ ૧૮૨૧૧
૧૧૦૦/- જશુબેન બળવંતરાય ઉપાધ્યાય, ગોંડલ ૧૮૨૧૨
૫૧૦૦/- યોગેશભાઈ બાવાલાલ ઠાકર,ગોંડલ,૧૮૨૧૩
૧૧૦૦/- નિલેશભાઈ કાંતિલાલ જોશી,ગોંડલ,૧૮૨૧૪
૧૧૦૦/- દીપકભાઈ હરિલાલ પંડ્યા,ગોંડલ,૧૮૨૧૫
૧૫૦૦/- સત્યેનભાઈ આર જોશી,ગોંડલ,૧૮૨૧૬
૨૧૦૦/- અતુલભાઈ પ્રવિણભાઈ પંડ્યા, ગોંડલ, ૧૮૨૧૭
૧૧૦૦/- ચેતનભાઈ ચંદ્રકાંતભાઈ ઉપાધ્યાય, ગોંડલ, ૧૮૨૧૮
૧૫૦/- વિમલભાઈ રમણીકભાઈ ઉપાધ્યાય, ગોંડલ, ૧૮૨૧૯
૧૦૦૦/- રમીલાબેન ઈન્દ્રવદન અધ્વર્યુ, રાજકોટ, ૧૮૨૨૦
૧૦૦૦/- ભદ્રેશભાઈ ઈન્દ્રવદન અધ્વર્યુ, રાજકોટ, ૧૮૨૨૧
૫૦૦/- યોગેશભાઈ ઉપાધ્યાય, રાજકોટ, ૧૮૨૨૨
૧૦૦૦/- લલિતભાઈ ઉપાધ્યાય, રાજકોટ, ૧૮૨૨૩
૫૦૧/- પારૂલબેન રૂપારેલિયા, રાજકોટ, ૧૮૨૨૪

૫૦૧/- નિરંજનભાઈ શાંતિલાલ ઉપાધ્યાય, રાજકોટ, ૧૮૨૨૫
૧૫૦૧/- દિનેશચંદ્ર કેશવલાલ ઉપાધ્યાય, ગોંડલ, ૧૮૨૨૬
૧૦૦૦/- રાજેશ ઇન્દ્રવદન અધ્વર્યુ, રાજકોટ, ૧૮૨૨૭
૫૦૦/- ધારા નિસર્ગકુમાર ભટ્ટ, રાજકોટ, ૧૮૨૨૮
૧૫૦૦/- રજનીકાંત રતિલાલ પંડ્યા, ગોંડલ, ૧૮૨૨૯
૧૧૧૧/- બ્રિજેશભાઈ એમ ઉપાધ્યાય, ગોંડલ, ૧૮૨૩૦
૧૫૦૦/- રાજેશભાઈ પી વ્યાસ, ગોંડલ, ૧૮૨૩૧
૧૦૦/- નિશાંત મહેશભાઈ ઉપાધ્યાય, ગોંડલ, ૧૮૨૩૨
૫૦૧/- પરશુરામ ભરોસે, રાજકોટ, ૧૮૨૩૩
૨૧૦૦/- અશોકભાઈ ઉમિયાશંકર પાણેરી, રાજકોટ, ૧૮૨૩૪
૧૦૦૦/- નીતાબેન બીપીનભાઈ વ્યાસ, રાજકોટ, ૧૮૨૩૫
૧૫૦૦/- મુકેશભાઈ અનંતરાય પંડ્યા, રાજકોટ, ૧૮૨૩૬
૧૧૦૦/- સ્વ.હર્ષદરાય બાલકૃષ્ણ જોશીના સ્મરણાર્થે, રાજકોટ, ૧૮૨૩૭
૨૦૦૦/- સોનલબેન મેહુલકુમાર ભટ્ટ,સ્વ.મેહુલકુમાર ભટ્ટ ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ભજન તથા ધ્વજાજી પૂજન, ૧૮૨૩૮
૫૦૦/- ડૉ.અપર્ણાબેન પંચોલી,અંકુર હાઈસ્કુલ, પાલડી, અમદાવાદ, ૧૮૨૩૯
૧૧૦૦/- નરેન્દ્રભાઈ ધીરજલાલ દીક્ષિત, અમદાવાદ, ૧૮૨૪૦
૧૧૦૦/- મનીષભાઈ કાંતિલાલ દીક્ષિત, અમદાવાદ, ૧૮૨૪૧
૧૧૦૦/- દીપકભાઈ ભાનુપ્રસાદ દીક્ષિત, અમદાવાદ, ૧૮૨૪૨
૧૧૦૦/- વિજયભાઈ ગિરીશચંદ્ર આચાર્ય, અમદાવાદ, ૧૮૨૪૩
૭૪૫/- સ્વ.મેહુલકુમાર ભટ્ટ ના શ્રદ્ધાંજલિ ભજન આરતીમાં આવેલ ભેટ,૧૮૨૪૪
૬૦૦૦/- ભાર્ગવભાઈ જનાર્દનભાઈ જોશી, ગાંધીનગર, ૧૮૨૪૫
૧૬૮૨/- સ્વપ્નલોક રેસીડેન્સી, રાજકોટ ધ્વજાજી પૂજન હસ્તે ચંદ્રિકાબેન ભદ્રેશભાઈ અધ્વર્યુ, ૧૮૨૪૬
૨૧૦૦/- દીપકભાઈ યશવંતરાય ઠાકર, ગોંડલ, ૧૮૩૪૭
૨૧૦૦/- સ્વ. મધુસૂદન વ્રજલાલ પંડ્યા, ગોંડલ, ૧૮૨૪૮
૬૪૭/- આરતી પરચૂરણ આવક,૧૮૨૪૯
૧૧,૧૧૧/- સ્વ. રમાનાથ ભવાનીશંકર જોશી તથા સ્વ.તારાબેન રમાનાથ જોશી ના સ્મરણાર્થે હસ્તે સનતભાઈ જોશી ગોવા, ૧૮૨૫૦
૨૧,૦૦૦/- સોરઠ વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ ગોંડલ, હેમવાડી તરફથી (અનુદાન જાહેર કરેલ છે.)
૫૧૦૦/- યોગેન્દ્રભાઈ એમ જોશી, ગોંડલ (અનુદાન જાહેર કરેલ કરેલ છે.)
૧ વોટરકુલર (ડૉ.સંજયભાઈ ભાનુશંકર જોશી તરફથી જાહેર કરવામાં આવેલ છે.)

સમગ્ર ગુજરાત
ડિજિટલ પ્રોપર્ટી કાર્ડ સેવા
ઓનલાઈન નામ ફેરફાર માટે સંપર્ક કરો:
વિશ્વસનીય અને સરળ સેવા
રાજેશ ભટ્ટ
9824503354
- વીજળી બિલ (તમામ કંપનીઓ), સમગ્ર ગુજરાત
- પ્રોપર્ટી ટેક્સ (તમામ કોર્પોરેશન), સમગ્ર ગુજરાત
- ડિજિટલ પ્રોપર્ટી કાર્ડ સેવાઓ
- ગુજરાતની તમામ ડિજિટલ ઓનલાઈન સેવાઓ
KR Financial Services
Life Insurance | General Insurance | Mutual Fund

# તિથિદાન

**જેઠ વદ ૧૧ થી અષાઢ વદ ૧૩ (તા. ૧૧-૦૭-૨૦૨૬ થી ૧૦-૦૮-૨૦૨૬) સુધી**

**સ્વ. વાસંતીબેન કૃષ્ણકાંત આચાર્યની સ્મૃતિમાં ચાલુ માસની બાકી રહેતી તિથીઓ માટે પૂજા,થાળ, અર્ચન**

**જેઠ વદ ૧૧**

જગદીશભાઈ અંબાલાલ ઉપાધ્યાય

જયાગૌરી મૂળવંતરાય વ્યાસ

હરીષકુમાર નર્મદાશંકર ભટ્ટ

**જેઠ વદ ૧૨**

મનોજભાઈ ગજાનન પાઠક

દમયંતિબેન જશુભાઈ પુરોહિત

**જેઠ વદ ૧૩**

શારદાબેન દુર્ગાપ્રસાદ ભટ્ટ

હરીશભાઈ પ્રતાપભાઈ ઉપાધ્યાય

વિનુકૌશિક ભગવાનદાસ જોષી

**જેઠ વદ ૧૪**

ભાનુશંકર ગીરજાશંકર અધ્વર્યુ

બિજલકુમાર જયંતભાઈ પુરોહિત

**જેઠ વદ અમાસ**

કમળાબેન ભોગીલાલ વ્યાસ

હર્ષદભાઈ જમનાશંકર પાઠક

સુધાબેન જયકૃષ્ણ અધ્વર્યુ

કુંદનબેન ભગવતભાઈ આચાર્ય

નિતેશકુમાર ચંદ્રકાંત પુરોહિત

**અષાઢ સુદ ૧**

પુષ્પાબેન ખંડુભાઈ ઉપાધ્યાય

વૃંદાબેન વિનયચંદ્ર ઉપાધ્યાય

કિશોરચંદ્ર નર્મદાશંકર ઉપાધ્યાય

**અષાઢ સુદ ૨**

જયાબેન હરગોવિંદદાસ અધ્વર્યુ

અંબાલાલ પ્રભાશંકર પંડ્યા

**અષાઢ સુદ ૩**

પ્રાણશંકર નથ્થુરામ વ્યાસ

કાનજીભાઈ ફુલજીભાઈ પંડ્યા

**અષાઢ સુદ ૪**

રમેશભાઈ હરિદત્ત ઉપાધ્યાય

વિદ્યાબેન રતિલાલ મહેતા

મંગળાબેન વસંતરાય જોષી

**અષાઢ સુદ ૫**

નિર્મળાબેન વિશ્વનાથ અધ્વર્યુ

**અષાઢ સુદ ૬**

લતાબેન મધુસૂદન આચાર્ય

ગંગાબેન ખંડુભાઈ આચાર્ય

કમળાબેન બાલકૃષ્ણ રાવલ

**અષાઢ સુદ ૭**

ઉષાબેન અરૂણકુમાર આચાર્ય

મધુબેન યશવંતભાઈ આચાર્ય

સવિતાબેન ચંદુલાલ વ્યાસ

જયાબેન પ્રવિણચંદ્ર ઠાકર

**અષાઢ સુદ ૮**

નિરંજનાબેન જમનાશંકર મહેતા

**અષાઢ સુદ ૯**

ગૌતમભાઈ નરેન્દ્રભાઈ પાઠક

રાજીવભાઈ ઘનશ્યામભાઈ મહેતા

મયુરભાઈ રાજેન્દ્રભાઈ મહેતા

જનકબેન મુગુટલાલ રાવલ

જયેશકુમાર લાભશંકર વ્યાસ

**અષાઢ સુદ ૧૦**

નટવરલાલ અંબાલાલ પંડ્યા

**અષાઢ સુદ ૧૧**

નર્મદાબેન પરસોત્તમદાસ અધ્વર્યુ

કમળાબેન જમનાશંકર ભટ્ટ

બાલાશંકર દેવશંકર જોષી

રમણીકલાલ મહોનલાલ ઉપાધ્યાય

હીરાબેન રમણીકલાલ ઉપાધ્યાય

સરસ્વતીબેન નર્મદાશંકર આચાર્ય

**અષાઢ સુદ ૧૨**

માલતીબેન નાથાલાલ જોષી

બ્રહ્મચારી કૃષ્ણપ્રિયાનંદજી

**અષાઢ સુદ ૧૩**

લજ્જાશંકર ભાનુશંકર અધ્વર્યુ

જગદીશભાઈ પ્રતાપરાય દીક્ષિત

ચિરાગભાઈ મનોજભાઈ વ્યાસ

**અષાઢ સુદ ૧૪**

અમિતકુમાર ભાસ્કરભાઈ ભટ્ટ

ભગવતભાઈ ઉમિયાશંકર આચાર્ય

**અષાઢ સુદ પૂનમ**

હરેશકુમાર ગજાનનભાઈ ભટ્ટ

અરવિંદાબેન ચંદ્રવદન અધ્વર્યુ

હરીશચંદ્ર રેવાશંકર ગોર

નરેશભાઈ એમ. શાહ

**અષાઢ વદ ૧**

માનશંકર તુલસીરામ વ્યાસ

**અષાઢ વદ ૨**

વિદ્યાબેન શંકરલાલ ઉપાધ્યાય

**અષાઢ વદ ૩**

રંજનબેન રતીલાલ પંડ્યા

ભાનુપ્રસાદ જેઠાલાલ વ્યાસ

અનસુયાબેન દિનકરરાય પાઠક

હર્ષદભાઈ અંબાશંકર આચાર્ય

**અષાઢ વદ ૪**

ચંચળબેન ધનેશ્વર મહેતા

ભાનુપ્રસાદ નર્મદાશંકર આચાર્ય

બાબુલાલ શંકરલાલ પંડ્યા

બેચરલાલ મોતીલાલ ઉપાધ્યાય

ભાઈશંકર મયારામ ઉપાધ્યાય

નટવરલાલ હરજીવનદાસ પુરોહિત

જયકૃષ્ણ ભાઈલાલભાઈ વ્યાસ

નટવરલાલ માણેકલાલ અધ્વર્યુ

**અષાઢ વદ ૫**

જમનાબેન રતિલાલ પંડ્યા

જીવનકુંવરબેન કાનજીભાઈ પંડ્યા

શાંતિલાલ ગૌરીશંકર ઉપાધ્યાય

સ્વ. શારદાબેન બળવંતરાય દીક્ષિત

**અષાઢ વદ ૬**

મૂળશંકર નારણદાસ અધ્વર્યુ

**અષાઢ વદ ૭**

હરિશંકર પ્રાણશંકર પંડ્યા

સવિતાબેન ગીરજાશંકર જોષી

**અષાઢ વદ ૮**

વિમળાબેન ચંદુલાલ આચાર્ય

**અષાઢ વદ ૯**

દિવ્યાબેન શાંતિલાલ ઉપાધ્યાય

માર્કંડભાઈ શાંતિલાલ ઉપાધ્યાય

નર્મદાશંકર મોતીરામ મહેતા

મણીશંકર પોપટલાલ ઉપાધ્યાય

મધુસૂદન ખંડુભાઈ આચાર્ય

**અષાઢ વદ ૧૦**

નયનાબેન બી. જોષી

જનકબાળા લક્ષ્મીપ્રસાદ પુરોહિત

હરીષભાઈ નર્મદાશંકર ભટ્ટ

**અષાઢ વદ ૧૧**

સંત શ્રી પુનિત મહારાજ

રવિશંકર વાસુદેવ દિક્ષીત

હરીશંકર ફુલશંકર જોષી

**અષાઢ વદ ૧૨**

દેવશંકર નાગરદાસ પુરોહિત

**ખાસ નોંધ : તિથિમાં સુધારા-વધારા તથા તિથિદાનને લગતી બાબતો માટે શ્રી દિલીપભાઈ જમનાશંકર મહેતાનો વૉટ્સઍપ નં. 9898668268 પર સંપર્ક કરવા વિનંતી.**

**જન્મદિવસની શુભેચ્છા**

૬/૮ સુમનબેન રમેશભાઈ વ્યાસ

૯/૮ ફોરમ મનીષ મિશ્રા

૧૦/૮ ભરત રમણીકલાલ ભટ્ટ

**જન્મ વધામણાં**

સ્વ. પરમાનંદભાઈ અંબાશંકર આચાર્યની દોહીત્રી **અ.સૌ. જાન્હવી વત્સલભાઈ મહેતા** (ભાવીનીબેન તથા સ્વ. પ્રશાંતકુમાર મહેતાની સુપુત્રી) હાલ સુરેન્દ્રનગરને ત્યાં જોડીયા દીકરો-દીકરીના જન્મ થયેલ છે. પરિવારને જન્મના વધામણાં.

## અવસાન નોંધ

૧. સ્વ. હર્ષદભાઈ લક્ષ્મીશંકર વ્યાસ, રાધનપુર

૨. સ્વ. કમલાગૌરી વાસુદેવભાઈ વ્યાસ, વાવોલ, ગાંધીનગર

૩. સ્વ. મહેન્દ્રકુમાર નટવરલાલ પંડ્યા, જુનાગઢ

૪. સ્વ. પ્રદીપભાઈ એ. શુક્લ, રાજકોટ

૫. સ્વ. જયેન્દ્રબાળા ઈન્દ્રવદન અધ્વર્યુ, કેનેડા

૬. સ્વ. ચંદ્રમણીબેન રમેશચંદ્ર પંડ્યા, કડાછલા, કેનેડા

૭. સ્વ. અખિલેશ ઘનશ્યામભાઈ ઉપાધ્યાય, અમદાવાદ

૮. સ્વ. નિલેષભાઈ ગુણવંતભાઈ ભટ્ટ, મુંબઈ (ધંધુકા)

# પ્રેમાળ માતાને હૃદયાંજલિ



જન્મ
તા. ૩૦-૦૭-૧૯૩૪

દેહવિલય
તા. ૧૭-૦૬-૨૦૨૬

## ચંદ્રમણીબેન રમેશચંદ્ર પંડ્યા, કડાછલા (યુ.કે.)

नास्ति मातृषमा छाया नास्ति मातृषमा गतिः ।
नास्ति मातृसमं त्राणं नास्ति मातृसमा प्रपा ॥

**માતા સમાન કોઈ છાયા નથી, કોઈ આશ્રય નથી,**
**માતા સમાન આ વિશ્વમાં કોઈ જીવનદાતા નથી.**

તમારી અમીમય આંખો, લાગણીશીલ અને મિતભાષી જીવનશૈલી,
તથા ચમકદાર અને હસતો ચહેરો હજી પણ તમારી હાજરીનો અહેસાસ કરાવે છે.
આપનું સંસ્કાર સિંચન અમારા અર્થપૂર્ણ જીવનનું ભાથું છે.
હે પ્રેમાળ માતા, અમે સૌ સંતાનો આપના સ્વર્ગીય આત્માને વંદન સહ હૃદયાંજલિ અર્પણ કરીએ છીએ.

**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

લિ.
**કીર્તિ રમેશચંદ્ર પંડ્યા**
**મીતા કીર્તિ પંડ્યા**

## પૂજ્ય બા-દાદીને અમારા કોટિ કોટિ પ્રણામ


હેમાંગ કીર્તિ પંડ્યા
મરીસા હેમાંગ પંડ્યા
વેદા

હસીન કીર્તિ પંડ્યા
નીશા હસીન પંડ્યા
કિરા અને શાન

R.N.I. No. 14974/57 Post. Reg. No. GAMC-56/2024-26 Valid Up to 31-12-2026
Permitted to Post at Ahmedabad unaccountable L1 on 5th of every month.

## તેજસ્વી તારલાઓને હાર્દિક અભિનંદન...!!!


સમર્થ બ્રિજેશભાઈ જોષી
રાજકોટ (સોરઠ)
SSC 74.18 પર્સેન્ટાઈલ


કાવ્યા મહેશ્વર ઉપાધ્યાય
અમદાવાદ (ધંધુકા)
SSC 84.84 પર્સેન્ટાઈલ


આલિયા જીજ્ઞેશભાઈ ઉપાધ્યાય
રાજકોટ (સોરઠ)
SSC 93.79 પર્સેન્ટાઈલ


દિશા હેતલભાઈ પંડ્યા
ગોંડલ (સોરઠ) મુંબઈ
SSC 80.40%


પ્રિતાંશી દર્શનભાઈ જોષી
અમદાવાદ (સોરઠ)
ICSE board std 10 69.4 %


પ્રિયાંશી દર્શનભાઈ જોષી
અમદાવાદ (સોરઠ)
ICSE board std 10 62.4 %


વેદાંત કાર્તિકેય ઉપાધ્યાય
(વાસણા)( ધંધુકા)
HSC (Science) 80.83 પર્સેન્ટાઈલ


ધારા મિહીરભાઈ વ્યાસ
અમદાવાદ (સોરઠ)
HSC (commerce) 97.64 પર્સેન્ટાઈલ


કેશવી મિ□નભાઈ જોષી
રાજકોટ (સોરઠ)
HSC (Science) 89.38 પર્સેન્ટાઈલ


બીજલ સુનિલભાઈ પુરોહિત
અમદાવાદ (ચાર જથ્થા)
C.A.First Class


ધ્રુવી હેમંતભાઈ પુરોહિત
વડોદરા (ચરોતર)
M.Sc.(Microbiology)
7.08 CGPA


હિરવા પરેશભાઈ પંડ્યા
રાજકોટ (સોરઠ)
M.Sc. (Microbiology)
7.29 CGPA


રોશની ઉમાકાન્ત જોશી
દેવા (ચરોતર)
B.Sc. (Nursing)
6.77 CGPA 1st Class

## આ કલર પેજના સ્પોન્સર મંત્રીશ્રી મનોજભાઈ જોષી, ગાંધીનગર છે.

**To :**

**From :**
**Editor,**
**Valam Brahman Gnati Vartaman**
C/8, Prarthna Appartment,
Opp. Ankur High School,
Fatehnagar, Paldi, **AHMEDABAD - 380007**
(Gujarat), INDIA.

Printed and Published by **DIXIT KIRTAN RAJENDRA** on behalf of **VALAM BRAHMAN MAHAMANDAL** and printed at GAYATRI MUDRANALAYA, 10, L. B. Estate, Opp. Ajmeri Estate, Dhobhi Ghat, Dudheshwar, Ahmedabad - 380001 and published from C/8, Prathna Flat, Opp. Ankur School, Fatehnagar, Paldi, Ahmedabad - 380007.
**Editor : DIXIT KIRTAN RAJENDRA**

ખાસ નોંધ : મુખપત્રમાં કોઈપણ જ્ઞાતિબંધુ તેમજ વિભાગીય મંડળો તરફથી આવતી વિગતો, લખાણ, ભાષા માટે મહામંડળ તથા તંત્રી જવાબદાર નથી. - તંત્રી